સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ધ્યાન જેમ અસ્થિ, તેમ ટિકીટની ખેંચાખેંચ છે,
સમાજ, ધર્મ અને ધનના નામે, પેંચાપેંચ છે
વેંચાવેંચ છે બેઠકની માલદારો બોલે બોલી -
લાયક, સેવાભાવી, સત્યનિષ્ઠોની કેંચાકેંચ છે...
('લાયક' ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા)

હાઈકુ

કરે નાહક -
પેનલનું નાટક,
કરે છે ધાર્યું...

વિકલ્પ નથી -
સડેલા ઘઉં માંથી
ચૂંટો કાંકરા...

ચિંતન

દયા કા લક્ષણ ભક્તિ હૈ, ભક્તિ સે મિલે જ્ઞાન,
જ્ઞાન સે હોવત ધ્યાન હૈ, યહ સિદ્ધાંત ઉર આન.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

ભક્તિ શું છે ? ભક્તિ કેમ કરવી ? અને ભક્તિ કરવાથી શું મળશે ? આ વિષે કબીર કહે છે કે 'ભક્તિ એટલે પ્રભુની સેવા - સ્મરણ કરવું. વેદ - ઉપનિષદ જેવા શાસ્ત્રોનું વાંચન કરવું અને ગુરુ કે સંતોના પ્રવચન સાંભળવા એ જ ભક્તિ એમ સમજવું નહીં. ભક્તિનું ખરું દેશ્ય ચિહન તો 'દયા' છે. જેનામાં દયા નથી પ્રાણીમાત્ર માટે કરુણા કે સેવાભાવ નથી તે ભક્તિવાળો હોઈ જ ન શકે.'

આમ ભક્તિનું પહેલું પગથિયું દયા અને સમભાવ જ છે. ભક્તિ કરવાથી શું મળશે ? આ માટે કબીર કહે છે કે ભક્તિ કરવાથી જ્ઞાન મળે અને જ્ઞાનથી ઈશ્વર સ્મરણ અને તેમાં ધ્યાનમાં મન સ્થિર થાય છે. આમ સર્વ ધર્મનું મૂળ દયા જ છે માટે હે માનવ ! સદૈવ મનમાં સર્વ પ્રત્યે દયાભાવ રાખજે.

સુવિચાર

- ધુંઆ દર્દ બયાં કરતા હૈ, ઔર રાખ કહાનીયાં છોડ જાતી હૈ, કુછ લોગોં કી બાતો મેં ભી દમ નહીં હોતા, કુછ લોગોં કી ખામોશિયાં બી નિશાનીયાં છોડ જાતી હૈ - **અલ્તાફ સુરમાવાલા**
- જે વ્યક્તિ મિત્ર બનાવવાનું જાણતી નથી તેના દુશ્મન પણ પેદા થતા નથી - **અમૃતબિંદુ**
- ખાલી દિમાગમાં કંઈ પણ ભરી શકાય છે, પરંતુ ખુલ્લું દિમાગ કામની વસ્તુઓનો જ સ્વીકાર કરે છે - **ઓશો**
- આ ચારને વધુ દૂર તેમજ વધુ નજીક રાખવામાં આવે તો વિનાશકારી સાબિત થાય છે.. રાજા, અગ્નિ, ગુરુ અને સ્ત્રી આ ચારને મધ્યમપણે રાખવા - **રણછોડ દાસ બાપુ**
- શ્રેષ્ઠ વેર એ છે કે જે લેવાયું ન હોય !! - **સ્પેનિશ કહેવત**
- તારું હૃદય ભલે દોડે, પણ તારા મોં ને લગામમાં રાખજે - **ફ્રેડરિક નિત્સે**
- આજનું ઔષધ : સફર દરમિયાન ઉલ્ટી થતી હોય તેણે નારંગીનું સેવન કરવું તથા તેની છાલ સતત સુંઘ્યા કરવી

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમેરિકાના કૃષિ વિજ્ઞાની નોર્મન બોરલોગ નાનપણથી જ ખેતીવાડીમાં રસ લેતા હતા. તેમને પ્લાન્ટ પેથોલોજીમાં ડૉકટરેટ કર્યું હતું. ૧૯૪૪માં તેમને મેક્સિકોમાં રોકફલેર ફાઉન્ડેશનમાં 'હંગર પ્રોજેક્ટ' પર કામ કરવાનો મોકો મળ્યો. તે વખતે હાલની ચાલુ જોબમાં તેમને ચાલુ રાખવા કંપનીએ તેમને ડબલ પગારની ઓફર મૂકી. એક વાર તો તેઓ જૂની કંપની સાથે કામ કરવા લલચાઈ ગયા હતા. તેમ છતાં તે પ્રસ્તાવ ઠુકરાવી તેઓ મેક્સિકોમાં ગયા. મેક્સિકોમાં નોર્મને જોયું કે કેટલાક વિસ્તારમાં ઘણો સારો પાક ઊગે છે. તો કેટલાક વિસ્તારોમાં પાક નષ્ટ થઈ જાય છે. આ વિષમતા ને દૂર કરવા તેમણે સંશોધન શરૂ કર્યું. તેમણે જોયું કે ઘઉંના છોડની આનુવંશિત સંરચના બદલવાથી આ સમસ્યાનો હલ મળી શકે તેમ છે. તેમણે પ્રયોગશાળામાં રાત-દિવસ પ્રયોગો કર્યા. બે વર્ષને અંતે તેમને સફળતા મળી. ઘઉંનું ઉત્પાદન વધ્યું. આજ શોધને એશિયા ખંડમાં ઘઉંનું ઉત્પાદન કરવા માટે લાગૂ કરવામાં આવી. તેમની આ મહત્ત્વપૂર્ણ શોધને કારણે જ ખેડૂતોનું ઉત્પાદન છ થી આઠ ગણું વધી ગયું. પછી મોટા ભાગના ખેડૂતો તેમની શોધને અનુરૂપ પાક લેવા લાગ્યા. નોર્મન બોરલોગે ડબલ પગારની નોકરીને નામંજૂર કરી લોકોને ભૂખમરાથી બચાવવા પોતાનું સમગ્ર જીવન લગાવી લીધું. ૧૯૭૦માં તેમને વિશ્વમાંથી ભૂખમરાની સમસ્યા સામે વૈજ્ઞાનિક શોધ બદલ નોબેલ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા.

રિપીટ થિયરી : ભાજપની મજબૂરી

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીને ૨૦૧૭ની લોકસભાનું પરિણામ રિપીટ કરવું છે પરંતુ સંજોગો એ ધારે છે એટલા સાનુકૂળ નથી. ગુજરાત અને રાજસ્થાન જેવાં રાજયોમાં એણે તમામ બેઠકો જીતી લઈને વિક્રમ સ્થાપ્યો હતો એ પછી સાબરમતીમાં ઘણાં પાણી વહી ગયાં છે અને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ જેવાં હિંદી બેલ્ટમાં એને વિધાનસભાની ચૂંટણીમાં ભારે પછડાટ મળી ચૂકી છે. ગુજરાત મોદી-શાહની હોમલેન્ડ છે એટલે એને સરખું કરવાની કવાયત લાંબા વખતથી ચાલતી રહી છે. કોંગ્રેસનો નૈતિક જુસ્સો તોડી નાખવા માટે મજબૂત જ્ઞાતિસમાજના નેતાઓને પ્રધાનપદાંની ભેટ ધરીને ભાજપ ભગવો પહેરાવી દીધા પછી પણ હજી ભાજપની નેતાગીરીને સંસદમાં સાનુકૂળ પરિણામ મેળવવા બાબતે શંકા છે. એથી અગાઉની લોકસભા કે વિધાનસભાની ચૂંટણી વખતે કડક હાથે કામ લેનારા નેતાઓ લોકસભાના ઉમેદવારો નક્કી કરતી વેળાએ ઢીલાઢસ થઈ ગયા છે. જૂના જોગીઓને હટાવતાં બળવો થઈ જશે તો ! એ બીક એમેન ઉજાગરા કરાવી રહી છે. જેમનું વજૂદ સમાપ્ત થઈ ગયું હતું એવા ભાજપના ભીષ્મ પિતામહ લાલકૃષ્ણ અડવાણીને દરવાજો ખેખાડતાં વાર નહીં લગાડનાર નેતાગીરી સાબરકાંઠાના અલ્પશિક્ષિત અને બિનકાર્યક્ષમ સાંસદને બદલી શકતી નથી. અલબત્ત, એમાં જ્ઞાતિસમાજનું ગણિત નડી રહ્યું છે. કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલા જેવા વરિષ્ઠ નેતાને સાવ જ ઓછા જાણીતા દીપસિંહ રાઠોડ હરાવી શકશે. પરંતુ શંકરસિંહ માટે જે 'કેક વૉટ વિકટરી' ગણાતી હતી તે મતગણતરી વખતે ભૂંડી હારમાં પરિણમી હતી. ઉપરછલ્લી દૃષ્ટિએ નબળા ગણાતા ઉમેદવાર વિશેનું મોદીનું જ્ઞાતિસમાજનું ગણિત કામ કરી ગયું હતું. વાઘેલા ક્ષત્રિત રાજપૂત છે. દીપસિંહ રાઠોડ બક્ષીપંચમાં આવરી લેવાયેલ ઠાકોર સમાજમાંથી આવે છે. ભાજપની પરંપરાગત વોટબેંકમાં આખેઆખો ઠાકોર સમાજ ઠલવાઈ ગયો અને શંકરસિંહ લીલા તોરણે ઘેર આવી ગયા. પરંતુ સંસદની કાર્યવાહીમાં સાબરકાંઠાના સાંસદનું કોઈ નોંધપાત્ર પ્રદાન ન રહ્યું, એટલે કાર્યકરોથી લઈ મતદારો સુધી તમામ ઉમેદવાર બદલાશે એવી આશા રાખી રહ્યા હતા. દીપસિંહ યથાવત્ રહ્યા છે. એમની જગ્યાએ શંકરસિંહ વાઘેલાના સુપુત્ર મહેન્દ્રસિંહને ભાજપમાં લાવી ઉમેદવાર બનાવવાની વ્યૂહરચના અમલી બની શકી નથી. ટૂંકમાં હાઈકમાન્ડ પ્રસ્થાપિત પરિબળોને નારાજ કરવાની હિંમત દાખવી શક્યું નથી. નવસારીની બેઠક પર વારંવાર રિપીટ થતા રહેલા વિવાદાસ્પદ બિનગુજરાતી ઉમેદવાર સી.આર. પાટેલને કે ભાજપ વિરુદ્ધ જાહેરમાં બાંયો ચડાવનારા ભરૂચના સાંસદ મનસુખ વસાવાને પણ બા-ઈજ્જત રિપીટ કરવા પડ્યા છે તે શું સૂચવે છે ? હાઈ કમાન્ડને એટલી ખાતરી તો થઈ ચૂકી છે કે મોદીના નામનું વાવાઝોડું સર્જવાના નુસખા ધાર્યા જેટલા સફળ નથી થઈ શક્યા. વળી પ્રસ્થાપિત પરિબળોને વિસ્થાપિત કરવા જતાં બળવાની સ્થિતિ સરજાય તો ફાયદાને બદલે નુકશાન થવાની સંભાવના રહે એમ છે, એવું લાગતાં પાર્ટીએ ઘણી બધી બેઠકો પર રિપીટ થિયરી અમલી બનાવીને વિવાદ ટાળવાનો પ્રયાસ કર્યે છે. જેનો કોઈ બેઝ જ નહોતો બની શક્યો એવા કલાકાર સાંસદ પરેશ રાવલનું પત્તું કાપવામાં મુશ્કેલી ન પડે અડવાણી જેવા જૂનાજોગીને ઘેર બેસાડી એમની બેઠક પર વર્તમાન રાષ્ટ્રીય પ્રમુખને ગોઠવી દેવામાં પણ વાંધો ન આવે - કારણ કે એવા ઉમેદવારો માટે ઊહાપોહ કરવા કોઈ નવરું નથી. જયારે સુરેન્દ્રનગરની બેઠક પર દેવજી ફતેપુરાને બદલે સ્થાનિક ડૉકટરને ટિકિટ ફાળવતાં ભડકો થઈ શકે છે! આવો ભડકો જામનગર જેવી બેઠક પર પણ થઈ શક્યો હોત. વડોદરામાં અને ભાવનગરમાં મહિલા ઉમેદવારોને ચાલુ રખાયા છે પણ મહેસાણાનાં મહિલા સાંસદની 'આશા' ફળે એમ લાગતું નથી. એ જ રીતે વયોવૃદ્ધ લીલાધર વાઘેલા પાસેથી પાટણની બેઠક ખૂંચવી લેવા માટે સમાધાન શોધવું પડે એમ છે. કેન્દ્રમાં શોભાના ગાંઠિયા બની રહેલા બનાસકાંઠાના સાંસદ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો છે એટલે એમની જગ્યાયે એમની જ જ્ઞાતિના બીજા આગેવાનને ટિકીટ આપી સમસ્યા ઉકેલી શકાય એમ છે. આ તમામ કસરતને અંતે પણ ભાજપ ૨૦૧૪ જેવું 'સંપૂર્ણ પરિણામ' મેળવી શકે એ વાતમાં માલ નથી.

ભારતીય ચૂંટણી પંચ એક આદર્શ વ્યવસ્થા : ભારતનું ચૂંટણી પંચ તટસ્થ અને નિષપક્ષ ગણાય છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારત લોકશાહી દેશ હોય ચૂંટણી પંચને રાજકારણથી અલગ રાખવા એક સ્વાયત ચૂંટણી પંચની રચના કરવામાં આવી છે. જેના સભ્યોમાં કોઈપણ વ્યક્તિ રાજકીય પક્ષો સાથે જોડાયેલ કે સંકળાયેલ નથી. અમેરીકા, ઈંગ્લેન્ડના ચૂંટણી પંચોની સત્તા સરકારના હાથમાં હોય છે. ત્યાંનું ચૂંટણી પંચ કાગનુ વાઘ છે. કેટલાક રાજકીય આગેવાનો તેમાં હોદ્દેદાર હોય છે. તેથી ભારતનું ચૂંટણી પંચ તટસ્થ અને નિષપક્ષ ગણાય છે અને સ્વાયત્ત રીતે ચૂંટણીનું કાર્ય કોઈપણ રાજકીય પક્ષોની સહેશરમ રાખ્યા સીવાય કરે છે.

દેશની આઝાદી સમયે ચૂંટણી પંચ ઘરે ઘરે જઈ સર્વે હાથ ધરતા મતદારોએ સરકારી ચોપડે પોતાનું નામ નોંધાઈ જવાની બીકથી યેનકેન પ્રકારે નામ નોંધાવવા માટે ઈન્કાર કર્યો ૭૫૦૦૦ જેટલી મહિલાઓએ પ્રથમ ચૂંટણીમાં પોતાના મતાધિકાર જતો કર્યો પણ નામ ના નોંધાવ્યા. આવી સ્થિતિ વચ્ચે પણ ચૂંટણી પંચ નિષ્પક્ષ કામગીરી બજાવતું રહ્યું જેને ખરો જશ અને યશ ૧૯૯૦ માં શ્રી ટી. એન. શેસાને અપાવ્યો દેશના ૮૦ ટકા થી વધુ લોકો પ્રથમ ચૂંટણી સમયે વાંચી કે લખી શકતા ના હોય ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષોને પોતાના પ્રતિકો પસંદ કરવાની તક આપી ચિન્હો બેલેટ પેપરર ઉપર છાપવામાં આવ્યા જેથી અભણ લોકો પોતાના મનગમતા પક્ષોને મત આપી પોતાનો કિંમતી મત આપી શકે આ ઉપાયથી એશીયા અને આફ્રિકાના ઘણા પછાત દેશોમાં ભારતીય ચૂંટણી પંચે શોધેલા પ્રતિકના કારણે ચૂંટણી શકય બની. આ પણ અધિકારીઓ ઘણા વર્ષો સુધી આ દેશોમાં ચૂંટણી સમયે પોતાના સુચનો તથા માર્ગદર્શન આપેલ પહેલા ૧૦૦૦ મતદાતાએ એક ચૂંટણી બુથ રાખવામાં આવતું તથા મતદારો ફરીથી એકનો એક વ્યક્તિ મત આપવા ના આવે એટલે ભુસી ના શકાય તેવી શાહિનો ઉપયોગ કરવામાં આવ્યો. પ્રથમ ચૂંટણી બેલેટ પેપર નાસીકના છાપકામ ખાતામાં જયાં દેશની કરન્સી છાપવામાં આવતી હતી ત્યા છાપવામાં આવ્યા. જો કે કેટલાય ગેરસમજના દાખલા પણ ઉભા થયા ઉમેદવારનું ચિન્હ વૃક્ષ હોય તો ચૂંટણી મથક બહાના વૃક્ષોને મહિલાઓ મત આપવા પહોંચી જતી જેને સમજાવી મતદાન મથકમાં મોકલવાનું કામ અઘરૂ હતું પરંતુ ચૂંટણી પંચે નિભાવ્યું. ૧૯૫૬ માં ૨૮ રાજયોને જોડી ચૂંટણી યોજાવામાં આવી દુનિયાભરમાં ભારતનું ચૂંટણી પંચ નામના કમાતા ઓસ્ટ્રીયા અને કેનાડાથી પ્રતિનિધિ મંડળ ભારતની ચૂંટણી જોવા સમજવા આવવા લાગ્યા સમય જતા ચૂંટણીએ દેશનો સૌથી મોટો લોકતાંત્રીક મેળો ગણાવા લાગ્યો આ પ્રવાહ ૩૦ વર્ષ ઉપરાંતથી ચાલ્યો આવ્યો પરંતુ દેશ હાઈટેક બનતા તથા દેશની વસ્તી ૧૩૦ કરોડ ઉપરાંત પહોંચતા એક જ સમયે ચૂંટણી યોજવી શકય ના હોય સમયાંતરમાં ફેરફાર કરવા રાજકીય પક્ષોને સમજાવી કામ લેવામાં આવ્યું અને ઈવીએમ મશીનથી વોટ કરાવતા ફાયદા સમજાતા રાજકીય પક્ષો આ માટે સમંત થતા મતપત્રકો છાપવાના સાચવવાના તથા ગણત્રીનો લાંબા સમયનો અંત આવ્યો અને નવી ટેકનોલોજીનો ઉદય થશો જો કે ઈવીએમ ઉપર હારેલા પક્ષોએ માછલા ધોવાનું ચાલુ રાખેલ છે હાલમાં વધારેમા વધારે જગ્યાએ ઈવીએમનો ઉપયોગ થવા લાગ્યો છે. આના કારણે બુથ કેપ્ચરીંગનો પણ અંત આવ્યો છે. મોટામાં મોટી રાહત બેલેટ ગણવામાંથી કર્મચારીઓને છુટકારો મળી ગયો છે. સમય અને નાણાનો બચત થવા લાગ્યો છે તથા મતદાન પ્રક્રિયા પણ ઝડપી બનતા લાંબી લાઈનોમાંથી મતદાતાને છુટકારો મળતા લાઈનમાં ઉભા રહેવાની આળસના કારણે મતદાન ના કરતા લોકો પણ ઈવીએમથી આકર્ષાઈ મતદાન કરતા થયા. મતદાન ટકાવારીમાં વધારો થવા લાગ્યો છે. પહેલા માંડ ૪૦ થી ૫૦ ટકા જેટલું મતદાન થતું એ હાલમાં ૮૦ ટકા ઉપર થવા લાગ્યું છે. મતદાતા જાગૃત બનેલ છે તથા અભણ મતદાતા પણ ચિત્રો જોઈ સહેલાઈથી મતદાન કરી શકે છે. પહેલા નામ ઉપર કે ચિત્રો ઉપર મતપત્રકમાં ચોકડી મારવામાં મુંઝાતો કે કોઈના નામ ઉપર ચોકડી કેવી રીતે મારી શકાય ચોકડી મારવાથી મત ના આપ્યો ગણાય એવી અભણ મતદાતામાં ગેરમાન્યતા હતી તે હવે દૂર થવા લાગી છે. આધુનિક મશીનમાં મત કોને કયા પક્ષના ચિન્હ ઉપર આપ્યો છે તેની ટીકીટ પણ તરત જ મળી જાય છે.

ચૂંટણી પંચે ઉમેદવારો દ્વારા લાંબી લાલચ અને ધાક ધમકી આપી મતદાતાને વશમાં કરવાની પ્રવૃત્તિ ઉપર લગામ ખેંચતા આદર્શ ચૂંટણી સંહિતા આચાર સંહિત બહાર પાડી તેનો કડકાઈથી અમલ કરતા ખોટા ખર્ચાઓ ઉપર તથા જાતજાતની જાહેરાતો ઉપર લોભામણી જાહેરાતો વાયદા વચનોથી ચૂંટણી જીતવા ઉપર પ્રતિબંધ મુકાયો છે.

અનુસંધાન પાના નં ૭ પર

મહેનત પાછળ બે બે બાહુ, કિસ્મત પાછળ માત્ર હથેલી!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ધર્મના તમાચાઓ, બેડીઓ પ્રલોભનની, કોરડા સમય કેરા;
એક મૂંગી શ્રદ્ધાની વેદનાઓ માપીને, લો અમે તો આ ચાલ્યા!
થાય તે કરે ઈશ્વર ! ભાન થઈ ગયું અમને, આપ-મુખ્ત્યારીનું!
દમ વિનાના શાસનની આજ્ઞા ઉથાપીને, લો અમે તો આ ચાલ્યા!

પ્રાચીન કાળથી અનેક પ્રકારની રાજકીય તંત્રો અને વાદોનો માનવસમાજ અખતરા કરતો આવ્યો છે. એકહથ્થુ રાજ, પ્રજારાજ, રાજાશાહી, તાનાશાહી, બહુમતશાહી વગેરે અનેક પ્રકારનાં તંત્રોની ચર્ચાઓ ચાલ્યા જ કરે છે.

આનો અર્થ એટલો જ કે મનુષ્યને સુખી થવા માટે કોઈ પ્રકારના રાજતંત્રનું અસ્તિત્વ આવશ્યક છે એમ સૌને લાગે છે ખરું; પણ તેનું આદર્શ બંધારણ હજુ તે ખોળી શક્યો નથી. વિચાર અને અખતરા કરતો આવ્યો છે, અનુભવ લેતો આવ્યો છે, પણ હજુ કોઈ અખતરો લાંબા વખત સુધી સંતોષકારક કામ આપનારો સાબિત થયો નથી.

દુનિયાના આજના ડાહ્યા માણસો અને તેમને અનુસરનારા દેશો ત્રણ મુખ્ય વર્ગમાં વહેંચાયેલા એમ કહી શકાય : પ્રજાકીય બહુમતશાહી (ડેમોક્રેસી), લશ્કરી તાનાશાહી (ફાસિસ્ટ ડિકટેટરશિપ) અને મજૂરોની તાનાશાહી (સામ્યવાદી ડિકટેટરશિપ).

આપણા પોતાના દેશ માટે પ્રજાકીય બહુમતશાહી બંધબેસતી થઈ શકે એવો આપણા દેશના બહુ મોટા ભાગના સુજ્ઞ પુરુષોનો મત છે. પણ એ મૂળ પાયો સ્વીકાર્યા બાદ પણ મતાધિકાર, ચૂંટણીઓ, રાજકીય પક્ષો વગેરેના પ્રશ્નો ઓછા ઝઘડા અને ખુનામરકી કરાવનારા તથા મૂંઝવનારા નથી. કાના, માત્ર, જોડણી, વ્યાકરણ, વિરામચિહ્ન વગેરેની એક પણ ભૂલ ન હોય, અને બહુ સુવાચ્ય અક્ષરે લખાણ લખ્યું હોય, છતાં કાયદો વસ્તુ જ એવી છે કે જેનો અપ્રમાણિક ઉપયોગ કરવાના માર્ગો નીકળી જ આવે છે. કાયદાની સ્થાપના દંડશક્તિ પર શ્રદ્ધા રાખનારાઓએ કરેલી હોય છે. અનેક રીતે એ દંડશક્તિ નબળી નીવડે છે. પણ એ બધી નબળાઈઓનું એકમાત્ર કારણ બતાવવું હોય તો તે શાસિત પ્રજાનું ચારિત્ર છે.

'કૂવામાં હોય તેટલું હવાડામાં આવે' એ કહેવત જાણીતી છે. 'તેટલું'ની સાથે 'તેવું' પણ ઉમેરી શકાય. એટલે એ 'કૂવામાં હોય તેટલું ને તેવું હવાડામાં આવે.' કૂવા કરતાં હવાડામાં ઓછું આવે, એમ બને છે જ. તેના કરતાં વધારે ન આવી શકે એ દેખીતું છે. વળી, કૂવાનું પાણી ચોખ્ખું હોય પણ હવાડામાં બગડે એમ બને; પણ કૂવાનું દૂષિત હોય અને હવાડામાં ચોખ્ખું આવે એમ બને નહીં. માટે કૂવા ઉપરાંત હવાડાની ચોખ્ખાઈ પર ધ્યાન આપવાની જરૂર રહે ખરી. પણ કૂવો ખરાબ હોય અને હવાડો ચોખ્ખો રહે એમ બને નહીં.

હવાડો એ શાસકવર્ગ છે. કૂવો એ સમસ્ત પ્રજા છે. ગમે તેવા કાયદાઓ અને બંધારણ ઘડો, સમસ્ત પ્રજાના ચારિત્ર્ય કરતાં શાસકવર્ગનું ચારિત્ર ઘણું ઊંચું હોય એમ બનવાનું નહીં; અને પ્રજા પોતાની ચારિત્રથી જેટલા સુખસ્વાતંત્ર્યને લાયક હોય તેથી વધુ સુખસ્વાતંત્ર્ય ભોગવી શકશે નહીં. જે રાજ્યપ્રણાલિકામાં શાસકવર્ગ કેવળ દંડશક્તિ જ મેળવતો નથી, પણ સાથે ધન અને પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરે છે, તેમાં શાસકવર્ગનું ચારિત્ર પ્રજાના એકંદર ચારિત્ર કરતાં વધારે હીન બને એવી બધી અનુકૂળતાઓ હોય છે. અને છેવટે શાસકવર્ગ પેદા થાય છે શાસિતોમાંથી જ. એટલે શાસિત પ્રજાના હીનતર ભાગના હાથમાં શાસન રહે એવું ધીમે ધીમે પરિણામ આવે છે. સર્વે પ્રકારની રાજય પ્રણાલિકાઓ થોડા વખતમાં સડવા માંડે છે તેનું આ જ કારણ છે.

આથી, પ્રજાના હિતચિંતકોએ તેમજ પ્રજો પણ સમજવું જોઈએ કે સુખ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ કેવળ રાજકીય બંધારણ અને કાયદાઓની સંભાળપૂર્વક રચના કે ઉદ્યોગો વગેરેની યોજનાઓ દ્વારા સિદ્ધ નથી થવાની, કેવળ શાસકવર્ગમાં થોડા સારા માણસો હોવાથીયે નથી થવાની, પણ સમસ્ત પ્રજાની ચારિત્ર્યવૃદ્ધિ તથા શાસકવર્ગના ઘણા મોટા ભાગની ચારિત્રવૃદ્ધિ દ્વારા જ થશે. સારા કાયદાઓ અને યોજનાઓ મદદ કરી શકે, પણ તે કેવળ સાધનરૂપે; મૂળ કારણ બની શકે નહીં. જો પ્રજાને દુ:ખી કરવા માટે તે જ પ્રજાના માણસોની જરૂર પડે એમ હોય તો દુષ્ટ વિજેતા બળવાન ચારિત્રવાળી પ્રજાને લાંબો વખત સુધી રંજાડી શકે નહીં. અને સુખી કરવા માટેયે તે જ પ્રજાના માણસોની જરૂર રહેતી હોય (અને તે તો હંમેશા રહે જ) તો ધર્માત્મા રાજા અને પ્રધાનમંડળ પણ ચારિત્રશૂન્ય પ્રજાને લાંબો વખત સુધી સુખી રાખી શકશે નહીં.

પણ આપણે તપાસીશું તો જણાશે કે આપણે આથી ઊલટા શ્રદ્ધા પર કામ કરીએ છીએ. એ પણ માનીએ છીએ કે સામાન્યવર્ગ બહુ ભારે ચારિત્રવાન ન હોય પણ સારા પગારો વગેરે આપી શાસકવર્ગ માટે તેમાંથી આપણે સારા ચારિત્રવાન માણસો મેળવી શકીએ ખરા, અને તેમની મારફત જનહિતની યોજનાઓ તથા કાયદાઓ ઘડી પ્રજાને સુખી કરી શકીએ. આ, મેલા પાણીમાં થોડું ચોખ્ખું પાણી મેળવી બધું પાણી સારું કરી શકાય એના જેવી શ્રદ્ધા છે. આમ બની તો શકતું નથી, પણ સર્વત્ર પ્રચલિત આ શ્રદ્ધાનું પરિણામ એ આવે છે કે શાસકવર્ગ પોતાની બધી સુખસગવડો માટે રાજય તરફ જ જુએ છે, ખામીઓ માટે તેનો જ વાંક કાઢે છે અને જુદા જુદા પક્ષોની ચળવળોના તથા તોફાન કરાવનારાઓના શિકાર બને છે. જાણે ચૂંટણીઓ અને સરઘસો, પરિષદો, સમિતિઓ, ભાષણો, હડતાલો અને રમખાણો જ પ્રજાકીય શાસનનાં અંગો હોય ! આટલું છતાં પ્રજાઓમાં વ્યવસ્થિત જીવન ચાલે છે તેનું કારણ રાજયના કાયદા કે વ્યવસ્થાશક્તિ નથી, પણ આ બધી ધાંધલો છતાં પ્રજાના મધ્યમ વર્ગોમાં રહેલી નૈસર્ગિક વ્યવસ્થાપ્રિયતા અને શાંતિપ્રિયતા છે.

- કિશોરલાલ મશરૂવાલા

Last Seen :

નાવ ઊતારુ હો કે માલમ, સૌને માથે ભમતું જોખમ,
કાંઠા પણ દ્રોહી થઇ બેઠા, મઝધારે પણ માઝા મેલી.
કોનો સાથ જીવનમાં સારો 'શૂન્ય' તમે પોતે જ વિચારો,
મહેનત પાછળ બે બે બાહુ, કિસ્મત પાછળ માત્ર હથેલી!

- શૂન્ય પાલનપુરી

nehalgadhavi101@gmail.com

ખોબલા જેવડા ગોવાનું ભારત માટે રાજકીય મહત્વ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

રાજ્ય છે માત્ર બે જિલ્લાનું અને વિસ્તાર એનો ૩,૭૦૨ ચોરસ કિ.મી.એટલે કે ૧,૪૨૯ ચોરસ માઈલ.વસ્તી માંડ ૧૪.૬ લાખ, પણ વર્ષે પર્યટકો આવે ૫૩ લાખ કરતાં ય વધુ. ભારત આઝાદ થયું ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ, પણ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ આ રાજ્ય મેળવવા માટે ૧૯૬૧માં લશ્કર પાઠવવું પડ્યું હતું અને માત્ર બે કલાકમાં જ એ હસ્તગત કરાયું હતું. એમ તો નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે ગોવા નજીકથી પસાર થતાં બે કલાકમાં એ લેવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો,પણ નૌકાદળના અધિકારીઓને એ વેળા એ પગલાના વૈશ્વિક પ્રત્યાઘાતો અને નેહરુની વિશ્વ પ્રતિભાની વધુ ચિંતા હતી. અંતે ૧૯૬૧માં પોર્ટુગીઝ કબજા હેઠળનું દીવ,દમણ અને ગોવા લશ્કર પાઠવીને જ નેહરુએ ભારતમાં ભેળવવું પડ્યું હતું. વર્ષ ૧૯૮૭ લગી એ કેન્દ્ર શાસિત પ્રદેશ રહ્યો અને ૧૯૮૭માં ગોવા ૪૦ સભ્યોની વિધાનસભા ધરાવતું પૂર્ણ રાજ્ય થયું. દીવ- દમણ, દાદરા-નગરહવેલી અને સિલવાસા કેન્દ્ર શાસિત પ્રદેશ રહ્યા.દુનિયાભરમાં ગોવા પર્યટકોને આકર્ષતા રાજ્ય તરીકે જાણીતું છે.એની માંડ ૧૫ લાખની વસ્તીમાં બહુમતી વસ્તી ૬૬.૦૮ ટકા હિંદુ છે, ૨૫.૧ ટકા ખ્રિસ્તી છે અને ૮.૩૩ ટકા મુસ્લિમો છે. વિશેષ મહત્વની વાત એ છે કે ગોવામાં ૫૦૦ વર્ષથી એટલેકે પોર્ટુગીઝ શાસનથી તમામ ધર્મના લોકો માટે સમાન નાગરી ધારો (સિવિલ કોડ) અમલી છે! વર્ષ ૨૦૦૨થી ૨૦૦૫ દરમિયાન અને પછી ૨૦૧૨થી ગોવામાં ભાજપનું શાસન અખંડ ચાલ્યું છે.સૌપ્રથમ ભાજપી મુખ્યમંત્રી મનોહર પર્રીકર હતા અને એ ત્રણ વાર મુખ્યમંત્રી બન્યા.

મોદી માટે ગોવાનું પણજી શુભ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પણ ગોવા અત્યંત મહત્વનું બની રહ્યું છે.વર્ષ ૨૦૦૨નાં ગુજરાતનાં રમખાણ વખતે વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ''રાજધર્મ''ની મુખ્યમંત્રી મોદીને શીખ આપ્યા પછી પક્ષની પણજીની કારોબારીમાં મુખ્યમંત્રીપદેથી અટલજીના આગ્રહથી તેમનું રાજીનામું લેવાનું હતું ત્યારે પક્ષના નેતાઓ લાલકૃષ્ણ આડવાણી અને ડૉ.મુરલીમનોહર જોશીએ નરેન્દ્રભાઈને બચાવી લીધા હતા.વર્ષ ૨૦૧૩માં આ જ પણજીમાં વટકેલા આડવાણીની ગેરહાજરીમાં મળેલી કારોબારીમાં તેઓ વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર થયા હતા.મે ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા પછી આડવાણી અને જોશીને માર્ગદર્શક મંડળમાં સામેલ કરવાનું કામ મોદી આણિ મંડળીએ કર્યું અને હવે તો આડવાણીને ગાંધીનગરની બેઠક પરથી લોકસભા લડવામાંથી પણ નિવૃત્ત કરી દેવાયા છે. હજુ થોડા વખત પહેલાં જ રાજ્યસભાના સભ્ય ચૂંટાયેલા પક્ષના અધ્યક્ષ અમિત શાહ ગાંધીનગરની બેઠક પરથી ઉમેદવાર જાહેર કરાયા છે. લોકસભાની છેલ્લી ચૂંટણીમાં ગાંધીનગરથી વધુ એકવાર ચૂંટાયેલા આડવાણી સદન અને પક્ષની બેઠકોમાં લગભગ મૂકપ્રેક્ષક બની રહ્યા. ડૉ.જોશી પણ ''પરિવર્તન પ્રકૃતિ કા નિયમ હૈ'' એવું અમને કહેતાં સંસદીય સમિતિઓમાં જે સ્થાન મળ્યું એનાથી સંતોષ માનતા રહ્યા.

ભાજપની સરકાર ટકાવવાની કવાયત

અત્યારે આ ખોબલા જેવડા ગોવાના રાજકીય મહત્વની ચર્ચા એટલા માટે થઇ રહી છે કે જોડતોડની રાજનીતિ પૂરબહારમાં ખીલી છે.

- છેલ્લાં ૫૦૦ વર્ષથી તમામ ધર્મના લોકો માટે સમાન નાગરી ધારો (સિવિલ કોડ) વિનાવિઘ્ને અમલી
- ગોવામાં બાજી પલટાય એ પહેલાં સત્તા પર કબજો કરવા અડધી રાતે સત્તાનાં સોગઠાં ગોઠવાયાં
- વિધાનસભામાં લઘુમતીને બહુમતીમાં ફેરવનારા ભાજપના ચાણક્ય એટલે નીતિન ગડકરી
- પક્ષ બ